સેક્ટર-૨૮ના બગીચામાં રંગરેલિયા મનાવતા યુગલો બેરોકટોક

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર એક બાજુ સાંસ્કૃતિક નગરની ઓળખ ઉભી કરવા મથી રહ્યુંછે ત્યારે ગાંધીનગરના કેટલાક વિસ્તારોમાં નવ યુગલો બેરોકટોક ખુલ્લેઆમ બિભત્સ ચેનચાળા કરી રંગરલિયા મનાવતા નજરે પડે છે.

ગાંધીનગરનો સેક્ટર-૨૮નો બગીચો નાના-મોટા સૌ માટે આનંદ પ્રમોદનું સ્થાન બન્યો છેત્યારે સવારે, બપોરે અને સાંજે કેટલાક નવ યુવાન છોકરા-છોકરીઓ સેક્ટર-૨૮ના બગીચાની પાછળના ભાગે આવેલા ટેકરા ઉપર એકબીજાના ખોળામાં માથુ નાખી બિભત્સ ચેનચાળા કરતા નજરે પડે છે. ગાંધીનગરની ખૂબ જ ઘૃણાસ્પદ બાબત તો ગયા અઠવાડિયે બની હતી. સેક્ટર-૨૮ના બગીચાની સામેના ખાણીપીણી સ્ટોલ પાસેના રોડ પરથી બે છોકરાને એક છોકરી ખૂબ જ ગંદી હરકત સાથે ખરા બપોરે બાઈક પર ફરતા હતા. એક છોકરો બાઈક ચલાવતો હતો અને બીજો છોકરો પાછળ બેઠેલી છોકરીને ખુલ્લેઆમ ચુંબનો કરતો હતો. આસપાસના લોકો જોતા હોવા છતાં તે કોઈપણ જાતની શરમ રાખ્ય વગર બાઈક ધીમે ધીમે હંકારે જતો હતો. પોલીસ થાણા પાસેથી જ આવી હરકત કરતા છોકરા-છોકરીઓ જો નિર્ભિક રીતે ફરતા હોય તો સમાજ વ્યવસ્થા ને સંસ્કૃતિનું શું ? સેક્ટર-૨૮ના બગીચાના ખૂણા ખાંચરે દરરોજ આવા લબરમૂછિયા અને રોમિયો છોકરા-છોકરીઓ ખરાબ ચેનચાળા કરતા વડીલોને, બહેનો-દીકરીઓને નજરે પડે છે. વડીલોને મોં નીચું ઘાલીને કંઈપણ કીધા વગર ત્યાંથી જતું રહેવું પડે છે. શું આ બાબતે તંત્રની કોઈ જવાબદારી નથી !

સેક્ટર-૩ના પડતર પ્રશ્નો માટે વસાહત મંડળનું ઉપવાસ આંદોલન

ગાંધીનગર, તા. ૨

સેક્ટર- ૩ વસાહત મંડળ ગાંધીનગર દ્વારા વસાહતી ભાઈઓને પડતી મુશ્કેલીના નિરાકરણ માટે વારંવાર વહીવટી તંત્રમાં ધારદાર રજૂઆત કરવા છતાં પણ નિરાકરણ આવેલ નથી. વસાહત મંડળના હોદેદારો દ્વારા પહેલી મે ની સવારથી સરકારી દવાખાના સામે વસાહત મંડળ સેક્ટર-૩ના હોદેદારો પ્રતિક ઉપવાસ પર બેઠેલ છે. તેમ રાજેશભાઈ ભટ્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે. સેક્ટર-૩માં મુખ્ય પ્રશ્નોનું નિરાકરણ વિના અટવાયેલા છે. તે પ્રશ્નો નીચે મુજબ છે.

બગીચામાં લાઈટની વ્યવસ્થા કરવી. રમતગમતના સાધનો ગોઠવવા, સરકારી દવાખાનું સત્વરે ચાલુ કરવું, પાણીનો ફોર્સ સવારે વધારવો. સાંજે પાણી આપવું, સફાઈ દરરોજ નિયમિત કરાવવી કચરા ઢગલા દુર કરવા આ અંગે સુપરવીઝન ગોઠવવાની ઢીલાસ સામે સુપર વાઈઝરની સામે કાર્યવાહી કરવી, સેકટરમાં સીટી બસની સેવા ચાલુ કરવી, સીનીયર સીટીજનો માટે બગીચામાં એક રૂમ વાંચનાલય માટે બનાવવો, શોપીંગ પાસે વાહનોના પાર્કિંગની વ્યવસ્થા ગોઠવવી, સીનીયર સીટીજનોને ૫૦ ટકા બસ કન્સેશનની યોજના બનાવવી, શાળાઓના સમય પ્રમાણે સેકટર-૩ થી બસની સગવડ પૂરી પાડવી, આધ્ર બેંકમાં પેન્શનરનાં એકાઉન્ટ ખોલવા જોઈએ. તેમ શ્રી રાજેશભાઈ ભટ્ટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આજે આર્ટ ઓફ લીવિંગનો સાપ્તાહિક સત્સંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર ચેપ્ટર દ્વારા સાપ્તાહિક સત્સંગ કાર્યક્રમ તા. ૩ મેના રોજ રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૯-બી/૪, પાર્થ એપાર્ટમેન્ટ, વસંતકુવર બા સ્કુલ નજીક, સેક્ટર-૨૮, ગાંધીનગરમાં રાખેલ છે. જેનાંસત્સંગની દિવ્ય અનુભૂતિ દ્વારા આપણા જીવનમાં આનંદનો આવિર્ભાવ થાય છે. હૃદય ખીલી ઉઠે છે. પ્રેમની અનુભૂતિ થાય છે તો આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા આમંત્રણ આપવામાં આવેલ છે.

ઝાંસીની રાણી વિદ્યાલય, સેક્ટર-૨૯ને મહારાણા પ્રતાપ વિદ્યાલય, સેક્ટર-૨૭માં મર્જ કરવાના નિર્ણયના વિરોધમાં વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું.

સ્વચ્છતા અભિયાનનું સુરસુરીયું ખ-૫ વિસ્તારમાં ગંદકીના ઢગ

ગાંધીનગર, તા. ૨

મહાનગર પાલિકા દ્વારા ૧૫ દિવસમાં સફાઈ અભિયાનને સંપૂર્ણ નિષ્ફળતા મળેલ છે. સફાઈ અભિયાન થવા છતાં ગાંધીનગરમાં ગંદકી યથાવત રહી છે. કામદારો દ્વારા જૂની પુરાણી પધ્ધતિ પ્રમાણે સવારે આગમન એક-બે કલાક કામ કરવા માટે નો શો કરવો. કચરોએકત્ર કરીને સળગાની દેવો.

કચરાપેટીમાં કચરો ભર્યા બાદ બે-ત્રણ દિવસે ઉપાડતા કામદારો તે કચરો બાળી મુકે છે. જેથી કચરાપેટીને નુકશાન થાય છે.

કચરાપેટી હવે તો ચાલવા બનાવેલ ફુટપાથ ઉપર મુકી ગંદકી વધારવામાં આવે છે.

ઉનાળાની ઋતુમાં ઠેરઠેર શેરડીના કોલા, સોડા સેન્ટર, નાસ્તાની લારીઓ કચરો વધારે છે. તે કચરો પણ દુર કરવો જરૂરી છે. ખ-૫ સર્કલ પાસે અસહ્ય ગંદકી છે. તો સફાઈ માટે કાર્યવાહી કરવી જરૂરી છે.

ઉમિયા માતાજીનો નવમો પાટોત્સવ પાંચમી મે ના રોજ

ગાંધીનગર, તા. ૨

કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા આયોજિત શ્રી ઉમિયામાતાજીનો નવમો પાટોત્સવ તા. ૫ મે ના રોજ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન સેકટર-૧૨ ગાંધીનગરમાં યોજાશે. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે. પાટોત્સવમાં નવચંડી હવન, ધ્વજા રોહણ, શ્રીફળ હોમવાનો સમય સાંજે ૪.૩૦ કલાકે રાખેલ છે. મહેમાનો- દાતાઓનું સન્માન સુંદરકાંડ સંગીતમય પાઠ શ્રી કાન્તીભાઈ યોગી કરશે. તો સંસ્થા તરફથી ઉમિયા ભક્તોને આમંત્રણ આપવામાં આવેલ છે.

ફૂટપાથની કામગીરીમાં અસહ્ય ક્ષતિઓ : ગટરનાં ઢાંકણા વિના પરેશાની ભોગવતા વસાહતીઓ

ગાંધીનગર, તા. ૨

ખ-૬ થી ખ-૭ વચ્ચે ફૂટપાટ બનાવવામાં આવી રહી છે. કોન્ટ્રાક્ટરને વારંવાર ધ્યાન દોરવા છતાં ખુલ્લી ગટરો મુકી છે. રાત્રે ચાલતાં ચાલતાં બે ધ્યાન થયા તો ખુલ્લી ગટરમાં ખાબકવાના બે-ત્રણ બનાવો બન્યા છે. જેથી ગંભીર ઈજાઓ થવા પામી છે તો બાંધકામ વિભાગે ખુલ્લી ગટરોને બંધ કરવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની જરૂર છે.

ફૂટપાથ બન્યા બાદ ફૂટપાથની બંન્ને બાજુ માટીના ઢગલા, કપચી, રેતી મહિનાઓ સુધી પડી રહે છે.

આમ, ગાંધીનગરને સુંદર બનાવવાના બદલે ગંદકી નગરમાં ફેરવાતું જાય છે. તો બાંધકામ ખાતુ યોગ્ય વિચારશે.

શ્રીનગર કોલોનીમાં ત્રીજીએ સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૨

યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે તા. ૩ જી મેના રાત્રે ૮.૩૦ કલાકે ૨૩-૨૪ના રોડ પર અમુલ પાર્લરની બાજુમાં શ્રીનગર કોલોની સેકટર-૨૪માં સુંદરકાંડના પાઠનું આયોજન કરેલ છે. તો ધર્મપ્રેમી જનતાએ લાભ લેવા જણાવવામાં આવે છે.

રૂપાલમાં ગોસ્વામી સંજય ભારતી બાપુની શિવકથામાં અનેરો ઉત્સાહ

ગાંધીનગર, તા. ૨

યુવા કથાકાર ગોસ્વામી સંજય ભારતી બાપુની વ્યાસપીઠે શિવકથા ચાલી રહી છે. જેમાં ભવ્ય શિવ વિવાહની ઉજવણી કરવામાં આવી હતી. રૂપાલના તથા આજુબાજુના ભક્તો જોડાયા હતા. રૂપાલમાં શ્રી વરદાયીની માતાના સાંનિધ્યમાં ચાલી રહેલી શિવકથામાં પાર્વતી પ્રાગટ્ય સાથે ગરબાની રમઝટ પણ બોલાવી હતી. શિવ વિવાદને હનુમાનના આશીર્વાદ પણ આપવામાં આવ્યા.

આવાસના ઉપયોગમાં હેતુફેર બદલ ૨૫ સંસ્થાઓને નોટીસ

ગાંધીનગર, તા. ૧

શહેરમાં સંસ્થાઓને ફાળવવામાં આવેલ સરકારી આવાસ અન્વયે હેતુફેર થતો હોય તેમજ નિયમિત ભાડુ ન ચુકવનાર ૨૫ સંસ્થાઓને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે. સરકારી આવાસના ઉપયોગમાં હેતુફેર બદલ હવે તંત્રએ નિયમનુસાર કાર્યવાહી હાથ ધરવા ગતિવિધિઓ આરંભી દીધી છે.

શહેરના વિવિધ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી મકાનોમાં બિનઅધિકૃત વસવાટ સંદર્ભે સર્વે હાથ ધરવા તંત્રકક્ષાએથી સેકટરોની સ્થાનિક ઈન્કવાયરી કચેરીઓને જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે દર પંદર દિવસના અંતે સર્વેની કામગીરી બાદ આવાસોમાં રહેણાંક અંગેનો રીપોર્ટ માર્ગ-મકાન વિભાગને સુપ્રત કરવા પણ જણાવાયું છે. આ ઉપરાંત થોડા સમય અગાઉ સે. ૬માં રીનોવેશનની કામગીરી દરમિયાન સરકારી આવાસનો બ્લોક જમીનદોસ્ત થતા જોખમી મકાનો સંદર્ભે પણ સેકટરોમાં આવાસોની સ્થિતિ ચકાસવા અભ્યાસ હાથ ધરાયો છે. શહેરમાં સ્થિત અંદાજિત ૧૬ હજાર ૫૦૦ આવાસો પૈકી ૭૦૦ થી વધુ ખાલી હોવાનો અંદાજ છે. જ્યારે આ આવાસો પૈકી અમુક મકાનો શરતોને આધિન વિવિધ સંસ્થાઓને પણ ફાળવવામાં આવ્યા છે. પરંતુ સંસ્થાઓને ફાળવેલ મકાનો પૈકી કેટલાક કિસ્સામાં ઉપયોગમાં હેતુફેર થતો હોવાનું તંત્રના ધ્યાને આવતા આ મામલે સંસ્થાઓને નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જેને અનુલક્ષી વધુ ૨૫ જેટલી સંસ્થાઓને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે.

પાટના કુવા ગામે વૈશાખી પૂનમે હોમ- હવન યોજાશે

ગાંધીનગર, તા. ૨

દહેગામ તાલુકાના પાટકુવા ગામે આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરાવતું સ્વયંભૂ તુળજા ભવાની મંદિર આવેલું છે. દિવ્ય વાતાવરણ વચ્ચે મનને શાંતિ મળે, દર્શનની તૃપ્તિ મળે મનને પ્રસન્નતા મળે તેવું ૪૦૦ વર્ષ પ્રાચિન સ્વયં ભૂ તુળજા ભવાનીની મૂર્તિને યથા સ્થાને રાખી મંદિરને રાજસ્થાનના ટીવરી પથ્થરોથી જિર્ણોધ્ધાર થઈ રહેલ છે. હાલ કામ પૂર્ણતાને આરે છે.

૪૦૦ વર્ષથી ગર્ભગૃહમાં બિરાજમાન સ્વયં ભૂ તુળજા ભવાની સ્વરૂપને રવિવારે અને પૂનમે માના દર્શન કરવા મોટી સંખ્યામાં લોકો ઉમટે છે. દરરોજ સાંજે ૬.૩૦ કલાકે માતાજીની આરતી થાય છે. દર માસની પૂનમે સાંજે ૬.૩૦ કલાકે મહા આરતીમાં માનવ મહેરામણ ઉમટી પડે છે. પૂનમે સુખડીનો પ્રસાદ મોટા પ્રમાણમાં ધરાવાય છે.

સ્વયં ભૂ તુળજા ભવાની મંદિર શ્રદ્ધા અને આસ્થાનું ધામ છે. તા. ૬ ઠ્ઠી મેના રોજ વૈશાખી પુનમના દિવસે માના શક્તિપીટમાં હોમ-હવન અને મહા આરતી યોજાશે. ધર્મ પ્રેમીઓ મોટી સંખ્યામાં હાજર રહેશે.

'બને ચાહે દુશ્મન જમાના હમારા, સલામત રહે દોસ્તાના હમારા સંગીત, શેરડીનો રસ અને સફરનાં પાડોશી વેપારીઓ રંગ રાખે છે !'

સંબંધ સજાવે જિંદગી

પહેલો સગો પાડોશી

- સંજય થોરાત

gsrelation@yahoo.com

રોડ સાઈડ ધંધો કરવો એટલે એક પ્રકારનું જોખમ જ. દુકાન ખરીદવાના રૂપિયા ના હોય અને ઘર-પરિવારની જવાબદારી હોય, ભણતરની ડિગ્રી અને નોકરીનાં વાંધા હોય એટલે જેને જે કામ કરવું હોય તે પ્રમાણે ફૂટપાથ કે રસ્તાને અડીને ધંધો ચાલુ કરી દે... રસ્તા પર મસ્તીથી એક જ જગ્યાએ વર્ષોથી સરકારી વિવિધ ખાતાઓ ની કનડગતને હસતે મોએ સ્વીકારી નાનો વેપાર કરી હળીમળીને જીવતાં એવાં જ ત્રણ પાડોશી-મિત્રો ધંધાદારીની મજાની વાત જાણવાં જેવી છે!!

સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ની પાછળના ભાગમાં ૨૩/૨૪ જવાના માર્ગે એક સી.ડી. - વી.સી.ડી.ની લારી લઈને રમેશ દિનેશભાઈ પરમાર નામનો એક યુવાન ઉભો રહે છે. ફિલ્મોનો શૉખીન નાનપણથી જ, રાજેશ ખન્ના, ગોવિંદા, ઋત્વિકનો જબરો આશિક અને અમિતાભ બચ્ચનના તો બધાં જ પિકચરો માત્ર જોયેલાં નહીં યાદ પણ એટલાં જ છે!!

ચરેડીના પાણીની ટાંકીની પાસેની ઝૂંપડપટ્ટીમાં રહેતો રમેશ ભણવામાં બહુ કાઢું ના કાઢી શક્યો પણ ટેકનિકલ દિમાગ બહુ દોડે... ઘરની જવાબદારી ઉપાડવા કંઈક કામ કરવું પડે એટલે ઘરની પાછળ જ આવેલી કલ્પતરૂ કંપનીમાં મજૂરીએ લાગી ગયો. અવનવી બાઈકનો શૉખીન રમેશ કામમાં પણ એની પીક-અપ જોરમાં બતાવવા લાગ્યો અને ટૂંક સમયમાં જ સામાન્ય વજન ઊંચકનાર મજૂર દસ-બાર મજૂરોની ગેંગનો ગેંગ લીડર બની ગયો!!

કામમાં માહેર અને ગીતો ગાતાં આનંદ-ઉત્સાહથી કામ કરતો રમેશ સૌનો માનીતો થઈ પડ્યો... ફરવા અને મોજમજાનો શૉખીન, સ્વતંત્રપણે કામ કરવામાં આનંદ અનુભવતાં રમેશને નોકરી બંધિયાર જેવી લાગવાં માંડી અને એક દિવસે મિત્રો સાથે 'ધૂમ' જોવા ગયેલાં રમેશને એનાં મિત્ર મનુ લક્ષ્મણે ધંધો કરવાની સલાહ અને માર્ગદર્શન આપ્યું અને રમેશ નોકરીયાત મટીને હવે સી.ડી. - ડી.વી.ડી.નો વેપારી બની ગયો...

રમેશ જયાં લારી કરીને ઊભો રહ્યો ત્યાં એક ઈનોવા ગાડી પેસેન્જરની રાહ જોતાં ઊભી રહેતી અને એ ગાડીનો ડ્રાઈવર એટલે સલમાન શેખ. સલમાનને બૉડી બનાવવાનો નહીં પણ ગાડીઓ દોડાવવાનો શોખ અને ગાડીને કારણે ગીતો સાંભળવાનો શૉખ લાગેલો. રમેશને જોતાં એક સે ભલે દોનો ઘાટ ઘડાતાં હમઉમ્ર એવાં રમેશ અને સલમાન મિત્રો બની ગયાં... બંનેનાં ધંધા અને શૉખ એક થઈ જતાં રમેશ કયારેક એની વર્ધી કરી આવે તો સલમાન સી.ડી. નાં ધરાકી સાચવી લે!!

સલમાન અને રમેશનાં વેપારને અડીને એક પાછળ પેટી લઈને બેસતો ગૅરેજવાળોય ખરો, હોય એટલી વાર એ આ બંને સાથે દોસ્તી નિભાવે, બાકી એને રૂપિયા રાખવામાં બહુ રસકસ નહીં એટલે રૂપિય ખૂટે એટલે ગૅરેજ ખુલે... હોળાષ્ટક ઉતરે એટલે રમેશ-સલમાનની બાજુમાં યુ.પી.ના ભૈયાજી રામજી યાદવનો રસનો કોલો ચાલુ થઈ જાય. ઉત્તર પ્રદેશમાં જહૉનપુરનાં ભૈયાજીનો સાતમાં ધોરણમાં ભણતો દીકરો રવિ યાદવ પિતાજીનું કોલું ખેંચવા સાથે આવી જાય... ગીતો અને ગાડીનો શૉખ એટલે રસવાળો રવિ યાદવ આમની સાથે હળીમળી ગયો...

રોડ સાઈડ બિઝનેશમાં પાડોશી બની ગયેલા આ ગહેરા નાનાં વેપારીઓ, આમ તો શ્રમજીવી વેપારીઓજ કહેવાય પણ એકબીજાનાં કામમાં પોતાના ધંધાની જેમ જ મદદરૂપ થાય... સાંજે અજવાળું હોય ત્યાં સુધી કે.એલ. સાયગલ થી બાબા સાયગલ અને રામાયણ - મહાભારતથી લઈ એજન્ટ વિનોદ સુધીની સી.ડી. વેચતા રમેશ અંધારૂ થયા બાદ એમના રસનાં કોલાનું હેન્ડલ ખેડાવડાવે છે... રમેશ જો બાઈક લઈને આંટો મારવાં જાય તો રવિ યાદવ એની સી.ડી. નો વકરો કરી લે છે...

સી.ડી.ના ધંધાને લીધે પોલીસવાળાઓ જોડે ઓળખાણ થઈ ગઈ એવું માર્મિક વાકય રમેશ સંકોચાતા બોલે છે. રસ્તા પરની સી.ડી. માર્કેટથી નાના વિદ્યાર્થીથી લઈ વડિલો સુધી રમેશને ઓળખતાં થયા છે... સલમાન વર્ધીમાં ના હોય ત્યારે ઈનોવા સાઈડમાં પાર્ક કરી સી.ડી. વેચવામાં રમેશને મદદ કરે છે. સલમાન ગાડી લઈ બહારગામ હોય તો એની ગાડીનું બુકીંગ રમેશ નોંધી લે છે... રવિ રસનો ધંધો કરી ચોમાસામાં પાછો યુ.પી. જાય તો ત્યાંથી મહિને એકાદ વાર રમેશ સાથે વાત કરી લે છે!

આડોશ-પાડોશમાં રહેતા લોકો સાથે આજનાં આ જેટ ઝડપે દોડતાં યુગમાં વાટકી વ્યવહાર બચ્યો નથી. પહેલી મદદ પાડોશીની જગ્યાએ ૧૦૮ ની લેવાય છે, એવામાં આ ત્રણેય અભણ પણ પ્રેમાળ નાના રસ્તા પરનાં ઠામ-ઠેકાણાં વગરનાં વેપારીઓ એકબીજાને ખુશી-ખુશી સાચવી લે છે... આ ત્રણેય જણાંની એક વાત કૉમન છે, આવક મર્યાદિત છે પણ દિલ ઉદાર છે એટલે આર્થિક ઘસાયેલા ઘરાકને સી.ડી. મફત અપાય છે. રસ મફત પીવડાવાય છે અને પૅશન્ટ માટે ગાડી મફત વર્ધી મારે છે!! અને એક વાત તો મફત ખાવા ટેવાયેલા સૌ માટે નોંધવા જેવી છે કે શેરડીનો સંચો ખેંચવામાં મદદરૂપ થતાં રમેશે અત્યાર સુધી એક ગ્લાસ રસ સુધ્ધાં ભાઈબંધીમાં મફતમાં પીધો નથી!!

એટીકેટ માણસો સામે અભણ માણસોનું પલડું ભારે : રમેશ પરમાર, સલમાન શેખ અને રવિ યાદવ અનેક વિઘ્નો વચ્ચે આનંદથી એકબીજાને પુરક બની ફૂટપાથ પર ધંધો કરે છે

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૩

સૂર્યાસ્ત : ૦૭.૦૪

તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૩.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૧૯ ટકા

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧ : ધ એવેન્જર (હિન્દી) : ૧૦.૩૦
તેઝ : ૧.૩૦, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

સ્ક્રીન-૨ : તેઝ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૭.૪૫, ૧૦.૩૦
ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૦૦

સ્ક્રીન-૩ : તેઝ : ૧.૩૦, ૫.૦૦
ધ એવેન્જર (હિન્દી) : ૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧૧.૧૫

સ્ક્રીન-૪ : લાઈફ કી તો લગ ગઈ : ૧૦.૦૦, ૫.૧૫
હેટ સ્ટોરી : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦
તેઝ : ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦, ૧૦.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ : તેઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ : વીકી ડોનર : ૯.૩૦, ૧૨.૧૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
હેટ સ્ટોરી : ૫.૧૫

સ્ક્રીન-૪ : હેટ સ્ટોરી : ૯.૪૫, ૧૨.૪૫
હાઉસ ફુલ ૨ : ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

તેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જુરાસિક આઈલેન્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ટાઉન હૉલ

- સવારે ૯.૦૦ કલાકે ગાંધીનગર શહેરી વિકાસ મંડળ, વિસ્તારને સ્વચ્છ, સુંદર અને સુવિધાપૂર્ણ વિસ્તાર તરીકે સુસજ્જ કરવાના અભિયાનના ભાગરૂપે સત્તામંડળ દ્વારા વિવિધ માળખાગત સુવિધાના કામોનું લોકાપર્ણ તેમજ ખાતમુહૂર્ત

ધાર્મિક

- *ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠેથી સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન રાત્રે ૮.૩૦ કલાકે ૨૩-૨૪ના રોડ પર અમુલ પાર્લરની બાજુમાં શ્રી નગર કોલોની સેકટર-૨૪ ખાતે યોજાશે.*

આપની આજ

- શિલોર ત્રિવેદી

મેષ : સુખદ સંદેશાની પ્રાપ્તિથી ઉત્સાહમાં વૃદ્ધિનો વધારો થશે. ઘણાં દિવસોથી મોકૂફ રહેલા કાર્યો આજે પૂર્ણ થવાની શક્યતાઓ છે. અને આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

વૃષભ : આર્થિક સ્થિતિમાં બચત અને સારા વિનિયોજનનવી તર આવી શકે છે. રહેઠાણ સંબંધી સમસ્યાઓ ઊભી થવાની સંભાવના છે. વ્યપારમાં નવા અને લાભદાયી કરાર થઈ શકે છે.

મિથુન : વ્યાપાર વિસ્તાર માટે કરેલા પ્રયત્નો સફળ થઈ શકે છે. નવા પ્રસ્તાવો આપને મળી શકે છે. કૌટુંબિક સુખમાં વધારો જણાશે. બીજાઓના ભરોસે ન રહેવું.

કર્ક : બીજા પર વધુ પડતો વિશ્વાસ ન કરવો. વ્યપાર -વ્યવસાયમાં સારો અને લાભદાયી બની રહેશે. માતા- પિતાનું આરોગ્ય સારું રહેશે. નવા સંબંધો લાભદાયી બની રહેશે.

સિંહ : આવક કરતાં જાવકમાં વધારો થઈ શકે તેમ છે. આપની કાર્યક્ષમતામાં વૃદ્ધિમાં વધારો થશે. માનસિક અસ્થિરકા દૂર કરે અને કાર્ય સમય પર પૂર્ણ કરવોનો પ્રયત્ન કરો.

કન્યા : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકે છે. શુભ કાર્યોમાં સામેલ થવાથી યશ અને સન્માન મળી શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

તુલા : જ્ઞાન વૃદ્ધિમાં વધારો થશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તથા રમતગમત ક્ષેત્રે સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ઘણા દિવસોથી અટવાયેલા નાણાં આજે પરત મળી શકે છે.

વૃશ્ચિક : કૌટુંબિક ઉન્નતિમાં વધારો થઈ શકે છે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન આવી શકે છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. વેપારક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

ધન : ધારેલા કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહીં. દિવસ શાંતિથી પસાર કરવો.

મકર : સંતાનની પ્રગતિના સમાચારની મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યો પાછળ ખર્ચ થવાની સંભાવના છે. જીવનસાથીના આરોગ્યનું ધ્યાન રાખવું.

કુંભ : મનોરંજન, ઉત્સવ આમોદ- પ્રમોદ સંબંધી કાર્ય થઈ શકે છે. સામાજિક કાર્યોમાં લોકપ્રિયતામાં વધારો થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધીમાં મંગળ કાર્ય થઈ શકે છે.

મીન : કલાત્મક કાર્યોમાં વિશેષ ચિંતન થઈ શકે છે. ઋણ, રોગ, શત્રુથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવશે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. લતીબેન ગોબરજી ઠાકોર (ઉ.વ.૧૦૦) મુ.પો. ગીયોડ તા., જિ. ગાંધીનગર
- સ્વ. શોભનાબેન રમેશભાઈ દંતાણી (ઉ.વ.૪૦) ૨૨-૨૯ સેકટર પડીયામાં ઢોરના ડબાની સામે છાપરામાં ગાંધીનગર